જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૫/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૮૯૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૧/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૮૩	૪	૧૧૪૮૭	૧૭૬૦૨	૪	૧૭૬૦૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૩	૦	૮૩	૩૦૧	૦	૩૦૧
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૪૭૫૧૧	૨૯૩	૪૭૮૦૪	૪૮૨૩૫	૨૮૯	૪૮૫૨૪
કુલ		૬૩૭૮૫	૨૯૭	૬૪૦૮૨	૭૨૩૮૧	૨૯૩	૭૨૬૭૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૬૯	૧,૩૭,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૬૬૯	૧૬,૬૯,૦૦૦/-

"શી" ટીમની કામગીરી

નારોલ પોલીસ સ્ટેશન

આજરોજ નારોલ પો. સ્ટે. શી ટીમ દ્વારા જરૂરિયાતમંદ સીનીયર સીટીઝન નાઓને રાશનકીટ નુ વિતરણ કરવામાં આવ્યું.



કાલુપુર પોલીસ સ્ટેશન

આજરોજ કાલુપુર પોલીસ સ્ટેશનની "શી" ટીમ દ્વારા પો.સ્ટે. વિસ્તારમાં આવેલ રેલ્વે સ્ટેશન ઇન ગેટ તથા આઉટ ગેટ આસપાસ જરૂરિયાતમંદ લોકોને ફુડ પેકેટનુ વિતરણ કરવામાં આવેલ છે.



વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ચોરીના હોન્ડા એટીવા સાથે એક આરોપીને પકડી ખોખરા પોલીસ સ્ટેશન ખાતેનો વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ.એ.જી.બ્રિદ સાહેબ તથા એ.એસ.આઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા અ.પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ તથા અ.પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા અ.પો.કો.ગોવિંદસિંહ દિલીપસિંહ બ.નં.૧૦૧૯૭ તથા અ.પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૬૭૯૨ તથા અ.લો.૨.પ્રહલાદસિંહ શિવસંગભાઈ બ.નં.૬૩૬૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા તથા અ.પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ નાઓને સયુંકત રાહે બાતમી હકીકત મળેલ કે " એક ઈસમ કે જેણે શરીરે સિલેટયા કલરનુ ડીઝાઈન વાળુ ટીશર્ટ તથા મરૂન કલરનુ પેન્ટ પહેરેલ છે અને મોઢે લાલ કલરનો ચેકસવાળો રૂમાલ બાંધેલ છે તે ઈસમ પોતાના કબ્જામાં એક કાળા કલરનુ એકટીવા અસલાલી સર્કલ તરફથી ચલાવી લાવી અત્રે થઈ નારોલ સર્કલ તરફ જવાનો છે જે એકટીવા તેણે કોઈ જગ્યાએથી ચોરી કરી કે છળકપટથી મેળવેલ છે"જે બાતમી હકીકત આધારે વોચમાં રહેતાં આરોપી હસન ઉર્ફે બાદશાહ સલીમભાઈ જાતે સિદી ઉ.વ.૨૦ રહે-મ.નં.૨૦૫૩ બ્લોક નં ૬૫ વટવા ચારમાળીયા વટવા અમદાવાદ શહેરનાનો બાતમી હકિકતમાં જણાવેલ એક કાળા કલરનુ એકટીવા આર.ટી.ઓ.નં.જીજે-૦૧-ઈબી-૩૦૪૩ જેનો એજીન નં.0606125 તથા ચેચીસ નં.48588841 નો છે જેની આશરે કિં.રૂ.૨૦,૦૦૦/- ની મત્તાનુ મુદ્દામાલ સાથે મળી આવતાં સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ કરતાં સદર હોન્ડા એકટીવાની ચોરી બાબતે ખોખરા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં. નં.૧૧૧૯૧૦૦૩૨૧૦૮૧૮/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી આરોપીને ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ગુનાના કામે સોપવાની તજવીજ કરી વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા-22/05/2021



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૦૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૮૮ લીટર દેશી દારૂ, ૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૦૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૯૦૨/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ રાજુ અશોક સિંગ (રહે.સનસેટ ડુપ્લેક્સ ડ્રાઈવિંગ સિનેમા રોડ વસ્ત્રાપુર) એ તા.૦૨/૦૫/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગે વસ્ત્રાપુર સાલ હોસ્પિટલ આગળ પોતાની હાર્લે ડેવીડસન કંપનીનુ મોટર સાયકલ નંબર જીજે ૨૩ એએચ ૭૦૨૦ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૧૦/૦૫/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ રાજુ સિંગ એ તા.૨૧/૦૫/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એસ.રાજપુત ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૦૩/૨૦૨૧**

અમરાઇવાડીઃ સુદામભાઇ શ્રવણજી નાકાડે (ઉ.વ.૪૫)(રહે. ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાન સર્વોદયનગર ખોખરા) એ બિમારીથી કંટાળી તા.૨૧/૦૫/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

વટવાઃ ઈમરાન ઈસ્માઈલભાઈ શેખ (ઉ.વ.૨૬)(રહે.સદભાવનાનગર ચાર માળીયા વટવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૫/૨૧ રાતના ૯/૩૦ થી ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અનિલસિહ પ્રહલાદજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી